# વર્ટેલસની વ્યવસાયની આચારસંહિતા

*તમામ કર્મચારીઓને એક સંદેશ:*

*આપણા મૂલ્યો અને આપણી વ્યવસાયની આચારસંહિતા ગ્રાહકો, પુરવઠાકારો અને સહકર્મીઓ સાથેના આપણા રોજીંદા કાર્યોમાં માર્ગદર્શન આપે છે. વર્ટેલસ ખાતે અત્યંત **નિષ્ઠા** સાથે હંમેશા **સ્વયંભૂ રીતે કાર્ય** કરવા સાથે **પરિણામો પૂરાં** પાડવા માટે આપણે આપણી જાતને અને એક બીજાને **ઉત્તરદાયી** બનાવીએ છીએ. વર્ટેલસનાં એક કર્મચારી હોવાનો આ જ સાચો અર્થ છે. આપણે સહજ રીતે અનૈતિક કે અનુચિત વ્યવહારને સહન કરી શકતા નથી-અને સહન કરીશું નહીં. યાદ રાખો કે જો તમને એ બાબતે શંકા કે ચિંતા હોય કે તમારા માટે કે કોઈપણ અન્ય વ્યક્તિ માટે ઉચિત આચરણ શું છે, તો તમે તમારા સુપરવાઈઝર, તમારી સંચાલન ટુકડીના બીજા સભ્ય, માનવ સંશાધન વિભાગ, આપણા નિયમ પાલન કરતા અધિકારી કે વર્ટેલસ ઈંટેગ્રીટી હોટલાઈન સાથે હંમેશા વાત કરી શકો છો. એક મહાન કંપનીનું નિર્માણ કરવા માટે સૌથી ઊંચા નૈતિક ધોરણો પ્રત્યેની અડગ વચનબદ્ધતા જરૂરી હોય છે. આપણામાંથી દરેક વ્યક્તિ ઉચિત બાબત કરવા માટે ઉત્તરદાયી છે.*

*સ્નેહાધીન,*
*John Van Hulle (જોન વાન હલ્લી), મુખ્ય વહીવટી અધિકારી*

---

## આપણી આચારસંહિતા

### *હેતુ*

આપણી વ્યવસાયની આચાર સંહિતા આપણા રોજીંદા નિર્ણય લેવાની પ્રક્રિયાના સમર્થનમાં એક મહત્વના સંશાધન તરીકે કામ કરે છે. આપણી આચારસંહિતા આપણા મૂલ્યોનું સમર્થન કરવા, અપકૃત્યને અટકાવવા અને નીચેની બાબતોને પ્રોત્સાહિત કરવા માટે તૈયાર કરવામાં આવેલી છે

- કાયદાનું પાલન,
- ઊંચા નૈતિક ધોરણોનું સમર્થન, અને
- જવાબદાર વ્યવસાયિક નાગરિકતા.

આપણી આચારસંહિતા આપણા ધંધાની રીતમાં તમારા આચરણ અંગે માર્ગદર્શન કરવામાં સહાયતા કરવી જોઈએ. આપણી આચાર સંહિતામાં દર્શાવેલ ઘણા સિદ્ધાંતો, જો કે, લાક્ષણિક રીતે સામાન્ય છે, અને આચારસંહિતા ઉદભવી શકે તેમ હોય તેવી દરેક પરિસ્થિતિને આવરી લેતી નથી. સામાન્ય બુદ્ધિ અને સારા નિર્ણયનો ઉપયોગ કરો. આપણી આચારસંહિતા આપણા વ્યવસાયના આચરણ અંગેનાં માર્ગદર્શન અને જાણકારીનો સંપૂર્ણ સ્ત્રોત નથી. તમારે વિશિષ્ટ ક્ષેત્રોમાં લાગુ પડતી નીતિઓ અને પ્રક્રિયાઓમાં લાગુ પડે તે મુજબ માહિતી મેળવવી જોઈએ, અને તમે કાયદાઓ અને નિયમોના પાલન ઉપર માર્ગદર્શન માટે હંમેશા કાનૂની વિભાગનો સંપર્ક કરી શકો છો.

## *કાર્યક્ષેત્ર*

આપણી આચારસંહિતા વી ગ્લોબલ હોલ્ડીંગ્સ એલએલસી અને તેની મોટા ભાગની માલિકી ધરાવતી ગૌણ કંપનીઓનાં તમામ ડાયરેકટરો, અધિકારીઓ અને કર્મચારીઓને (સરળતા માટે સામુહિક રીતે “કર્મચારીઓ” તરીકે સંદર્ભિત છે) લાગુ પડે છે. કંપનીનાં એજન્ટો અને કોન્ટ્રાકટરો પાસેથી પણ આ આચારસંહિતા વાંચવાની, સમજવાની અને પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. કંપનીનાં કામકાજો અને કંપનીનાં કર્મચારીઓ ઘણા દેશોના કાયદાઓ અને વિશ્વના આસપાસના ન્યાય અધિકાર ક્ષેત્રોને આધીન છે. કર્મચારીઓ પાસેથી બધા જ લાગુ પડતા સરકારી કાયદાઓ, નિયમો અને નિયમનોનું પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. જો આચારસંહિતાની જોગવાઈ લાગુ કાયદાથી વિરુદ્ધ હોય તો,

## *કર્મચારીની જવાબદારીઓ*

કર્મચારીઓ પાસેથી આપણી આચારસંહિતાનું સંપૂર્ણ પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. આનો અર્થ થાય છે તમારે આપણી તમામ પોલીસીઓ અને તમારા કામને જે લાગુ પડે છે તેવા તમામ કાયદાઓ અને નિયમનો સમજવા અને તેમનું પાલન કરવું આવશ્યક છે, ભિન્ન પરિસ્થિતિમાં તેવું કરવા માટે તમે દબાણ અનુભવતા હો તો પણ. જો આચારસંહિતા લાગુ પાડવા બાબતે તમને કોઈ પ્રશ્નો હોય તો, માર્ગદર્શન મેળવવાનો પ્રયાસ કરવો એ તમારી જવાબદારી છે. આપણી આચારસંહિતા તમને આચારસંહિતાના કોઈપણ શંકાસ્પદ ઉલ્લંઘનો બાબતની કોઈપણ તપાસમાં સંપૂર્ણ રીતે અને નિખાલસ રીતે સહયોગ આપવાની પણ ફરજ પાડે છે. સમયાંતરે, તમને એ બાબતનું લેખિત પ્રમાણપત્ર આપવાનું પણ કહેવામાં આવી શકે છે કે તમે વર્ટેલસનાં વ્યવસાયના આચરણની આચારસંહિતાની સમીક્ષા કરી છે અને તેને સમજેલ છે, આપણા ધોરણોનું પાલન કરેલ છે અને અન્યો દ્વારા આચારસંહિતાના કોઈપણ ભંગ બાબતે વ્યક્તિગત રીતે તમે માહિતગાર નથી. આ પમાણપત્ર એ આપણી આચારસંહિતા અને તેની અપેક્ષાઓ ઉપર ખરા

## *પ્રશ્નો પૂછવા અને ચિંતાઓની જાણ કરવી*

જો તમને આચારસંહિતા અંગે પ્રશ્ન હોય અથવા જો તમને એવી કોઈ પ્રવૃત્તિની માહિતી કે શંકા હોય જે ગેરકાનૂની હોય અથવા આચારસંહિતાનું ઉલ્લંઘન હોય, તો તમારે તમારી સમસ્યાની ચર્ચા કરવી જરૂરી છે અથવા તમારી ચિંતાની તમારા સુપરવાઈઝરને, સંચાલન ટુકડીના કોઈપણ સભ્યને, માનવ સંશાધનનાં એક પ્રતિનિધિને, નિયમ પાલન કરાવતા અધિકારીને જાણ કરવી જરૂરી છે અથવા વર્ટેલસ ઇંટેગ્રીટી હોટલાઈનનો ઓનલાઈન અથવા ટેલિફોન (ટોલ ફ્રી) દ્વારા સંપર્ક કરવો જોઈએ જ્યાં તમે ખાનગી રીતે અથવા અનામી રીતે જાણ કરી શકો છો. આ બાબત કંપની માટે સમસ્યા ઉપર ઝડપથી અને

વર્ટેલસ ઇંટેગ્રીટી હોટલાઈન

## *મેનેજરો માટેની વિશેષ જવાબદારી*

વર્ટેલસનાં તમામ નેતાઓએ એવા વાતાવરણનો વિકાસ કરવો જરૂરી છે જ્યાં નિયમ પાલનની અપેક્ષા રાખવામાં આવે છે અને નૈતિક આચરણ એ પ્રમાણ છે. કોઈપણ વ્યક્તિએ વર્ટેલસનાં કર્મચારીઓને કાયદો તોડવા, અથવા કંપનીનાં મૂલ્યો, નીતિઓ અને પ્રક્રિયાઓ વિરુદ્ધ જવા માટે જણાવવું જોઈએ નહીં. આચારસંહિતા, કાયદો કે કોઈપણ અન્ય કંપનીની નીતિ કે પ્રક્રિયાના કોઈપણ ભંગ કે શંકાસ્પદ ભંગની જાણકારી મેળવતા અથવા અન્ય રીતે તેનાથી માહિતગાર બનતા મેનેજરોએ ઉચિત પગલાં લેવા જરૂરી છે, જેમાં તે બાબતની તેમના મેનેજર. માનવ સંશાધનો કે નિયમ પાલન કરાવતા અધિકારીને જાણ કરવાનો સમાવેશ થાય છે.

## *પ્રતિશોધ નહીં લેવાની વચનબદ્ધતા*

આપણે માનીએ છીએ કે એવા એક પર્યાવરણનું નિર્માણ કરવું જરૂરી છે કે જેમાં વ્યક્તિઓ તેમની સામે લેવાનાર વિપરીત પગલાના ભય વિના આંતરિક રીતે સાચી ચિંતાની કોઈપણ બાબતો રજૂ કરવા માટે સક્ષમ હોવાની અનુભૂતિ કરે. તમારી ચિંતાઓને ગંભીરતાથી લેવામાં આવશે અને તેની ઉચિત રીતે તપાસ કરવામાં આવશે, અને જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી ગુપ્ત રાખવામાં આવશે. વર્ટેલસ આ આચારસંહિતા, કંપનીની નીતિ કે લાગુ કાયદાનાં ભંગ કે શંકાસ્પદ ભંગની શુભ નિષ્ઠામાં જે જાણકારી આપે છે અથવા જે રિપોર્ટ કરવામાં આવેલ ભંગની તપાસમાં મદદ કરે છે તેવી કોઈપણ વ્યક્તિ વિરુદ્ધ કોઈપણ સ્વરૂપમાં, બદલો કે પ્રતિશોધની મનાઈ કરે છે. બદલો લેવા માટે કરવામાં આવેલ કાર્યોની જાણ તત્કાલ તમારા મેનેજરને કરવી

## *આપણી આચારસંહિતાના ભંગ માટેના પરિણામો*

એવી કોઈપણ વ્યક્તિ કે જે આપણી આચારસંહિતાનો ભંગ કરશે તેને ઉચિત રીતે શિસ્તવિષયક સજા કરવામાં આવશે જેમાં નોકરી સમાપ્તિ સધીની અને તે સહિતની સજાનો સમાવેશ થાય છે.

# ગ્રાહકો અને ધંધાકીય સાથીઓ પ્રત્યેની આપણી વચનબદ્ધતા

## *ગુણવતા*

આપણે આપણી પ્રોડક્ટો અને સેવાઓ અંગેના આપણા ગ્રાહકોની લાગુ પડતી જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સમર્પિત છીએ અને અન્ય હિત ધરાવતા પક્ષકારોની ચિંતાઓનું નિવારણ કરી રહ્યા છીએ. આપણે આપણી પ્રોડક્ટો, પ્રક્રિયાઓ અને સેવાઓની ગુણવતામાં સતત સુધારા દ્વારા ગ્રાહક સંતોષ હાંસલ કરવા માટે વચનબદ્ધ છીએ. આપણે એ સુનિશ્ચિત કરીશું કે જરૂરી પર્યાવરણ, તાલીમ અને સાધનો આ વચનબદ્ધતાને મદદ કરવા માટે ઉપલબ્ધ હોય.

## *વાજબી સ્પર્ધા*

આપણે મુક્ત અને નિખાલસ સ્પર્ધામાં માનીએ છીએ. ઉપરાંતમાં, મોટા ભાગના દેશોમાં જ્યાં આપણે કામ કરીએ છીએ, ત્યાં એવા કડક કાયદાઓ અમલમાં છે જે લુચ્ચાઈભર્યા કે અન્યાયી ધંધાકીય આચરણ કે જે મુક્ત સ્પર્ધાને સીમિત કરે છે તેના ઉપર પ્રતિબંધ મૂકે છે. અમેરિકાના એન્ટીટ્રસ્ટ કાયદાઓ અને અન્ય દેશોના સ્પર્ધાના કાયદાઓ એકદમ જટિલ છે, અને આ કાયદાઓનું પાલન કરવામાં નિષ્ફળ જવાની બાબત વર્ટેલસ ઉપર અને એવા કર્મચારીઓ કે જેમણે કાયદાનો ભંગ કર્યો છે તેમના ઉપર એમ બંને ઉપર

## *પ્રામાણિક જાહેરાત અને માર્કેટિંગ*

વર્ટેલસ અને આપણી પ્રોડક્ટસને આપણા માર્કેટિંગ, જાહેરાત અને વેંચાણ સામગ્રીઓમાં ચોકસાઈપૂર્વક રજૂ કરવી એ આપણી જવાબદારી છે. ઇરાદાપૂર્વક ગેરમાર્ગે દોરતા સંદેશાઓ, મહત્વની હકિકતોની ચૂક કે

આપણી પ્રોડક્ટો, વ્યક્તિઓ, સ્પર્ધકો કે તેમની પ્રોડક્ટો, સેવાઓ કે કર્મચારીઓ અંગેના ખોટા દાવાઓ આપણા મલ્યો સાથે અસંગત છે.

## *ગ્રાહક/ત્રીજા પક્ષકારની માહિતીની ગુપ્તતાનું રક્ષણ કરવું*

આપણે આપણા ગ્રાહકો અને ત્રીજા પક્ષકારો કે જેમણે માહિતી અંગે ખૂબ ગંભીરતાથી આપણા ઉપર ભરોસો મૂક્યો છે તેમની ગુપ્તતાની રક્ષા કરીએ છીએ. ગુપ્તતા અને માહિતીની સલામતી અંગે દર્શાવેલ તમામ લાગુ કાયદાઓ અને નિયમનોનું આપણે પાલન કરીએ છીએ. તેમની માહિતીનો તે માહિતી જે કારણોસર એકત્ર કરવામાં આવી હતી માત્ર તે જ કારણો માટે તેમનો ઉપયોગ કરવામાં આવે તે સુનિશ્ચિત કરીને આપણે આપણા ગ્રાહકો અને અન્ય ત્રીજા પક્ષકારો દ્વારા અપાયેલ તમામ ગુપ્ત માહિતીનું રક્ષણ કરવું જરૂરી છે. જો આ માહિતીનો ઉપયોગ કરવા માટે તમારી પાસે કોઈ વ્યાવસાયિક કારણ ના હોય તો, તમારે તેનો ઉપયોગ ના કરવો જોઈએ. જો તમે આમ કરો, તો તમારે તે માહિતીના અનઅધિકૃત ઉપયોગ કે [illegible]

## *હવાલા (પૈસાની અવૈદ્ય હેરાફેરી) પ્રતિરોધક/વિરોધી*

હવાલો કે રૂપિયાની અવૈદ્ય હેરાફેરી એ દૂરગામી અને ગંભીર પરિણામો સાથેની એક વૈશ્વિક સમસ્યા છે. હવાલાને ગેરકાયદે આવકને રૂપાંતરિત કરવાની એવી પ્રક્રિયા તરીકે પરિભાષિત કરવામાં આવે છે કે જેથી નાણાં કાયદેસરના જણાય તેવા બનાવવામાં આવે છે, અને તે રોકડ વ્યવહારો પૂરતી જ સીમિત બાબત નથી. જટિલ વ્યાપારી વ્યવહારો આતંકવાદ, ગેરકાનૂની નશીલા પદાર્થોનો વેપાર, લાંચ અને છેતરપીંડી જેવી ગુનાહિત પ્રવૃત્તિ માટે નાણાં પૂરાં પાડવાની બાબતને છુપાવી શકે છે. આવી પ્રવૃત્તિઓમાં સામેલગીરી આપણી વિશ્વસનીયતામાં ઘટાડો કરે છે, આપણી પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડે છે અને વર્ટેલસને અને વ્યક્તિઓને ગંભીર પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે. આપણી કંપની જાણી જોઇને એવા વ્યવહારોમાં જોડાવાની મનાઈ કરે છે કે જે હવાલાને અનુકૂળ બનાવે છે અથવા ગેરકાનૂની રૂપાંતરણમાં પરિણમે છે. હવાલાના કાયદાઓ માટે ચૂકવણીઓની પારદર્શકતા અને વ્યવહારોમાં રહેલા તમામ પક્ષકારોની ઓળખ જરૂરી છે. આપણે સમગ્ર દુનિયામાં હવાલાના કાયદાઓનું સંપૂર્ણ પાલન કરવા માટે વચનબદ્ધ છીએ અને માત્ર કાયદેસરની ધંધાકીય પ્રવૃત્તિઓ અને વ્યવહારોમાં રોકાયેલા પ્રતિષ્ઠિત ગ્રાહકો સાથે જ ધંધો કરીએ છીએ.

## *ભ્રષ્ટાચાર વિરોધી / લાંચ-રુશ્વત વિરોધી*

વર્ટેલસનો કોઈપણ કર્મચારી કે વર્ટેલસ વતી કામ કરતી કોઈપણ વ્યક્તિ વેપાર કે ગેરવાજબી લાભ મેળવવા માટે લાંચ, રુશ્વત કે અન્ય અનુચિત લાભો આપી, પૂરાં પાડી કે મેળવી શકશે નહીં. લાંચને પ્રભાવિત કરવા કે કાર્ય તરફ પ્રેરવા કે અનુચિત લાભને સુરક્ષિત કરવા માટે મૂલ્ય ધરાવતી કોઈપણ વસ્તુ (દા.ત. ભેટો, રૂપિયા કે વચનો) પ્રત્યક્ષ રીતે કે અપ્રત્યક્ષ રીતે આપવાની બાબત તરીકે પરિભાષિત કરવામાં આવે છે. વ્યાપારી લાંચો એ ધંધાકીય વ્યવહાર કરવા કે ગોઠવવાના બદલામાં બીજા પક્ષકારને અમુક રકમ રૂપિયા સ્વરૂપે આપવાના કરારો છે. તમારે લાંચ કે વ્યાપારી રુશ્વતોમાં ભાગ લેવાનું, અથવા તેના ઉદ્દભવને પણ, તમામ ધંધાકીય સોદાઓમાં ટાળવા જરૂરી છે. હકીકતની દ્રષ્ટિએ વાત કરીએ તો, એવા સ્થાનોમાં કે જ્યાં આવી

પ્રવૃત્તિ ગેરકાનૂની ના હોઈ શકે તેમ હોય તો ત્યાં પણ આપણી કંપનીની નીતિ મુજબ, તે સંપૂર્ણ રીતે પ્રતિબંધિત છે. કાનૂની વિભાગ તરફથી મંજૂરી વિના એક સરકારી અધિકારીને ક્યારેય મૂલ્ય ધરાવતી કોઈપણ વસ્તુ આપશો નહીં.

### *ત્રીજા પક્ષકારોની પસંદગી અને ઉપયોગ/ પ્રાપ્તિ (વાજબી ખરીદી)*

આપણે એવા ત્રીજા પક્ષકારો સાથે ધંધો કરવામાં માનીએ છીએ જેઓ નૈતિક આચરણના ઊંચા સિદ્ધાંતો અપનાવે અને દર્શાવે છે, જે કારણથી જ તેમણે આપણા પુરવઠાકાર માટેની આચારસંહિતાનું પાલન કરવું જરૂરી છે

આપણા ધ્યેયો સિદ્ધ કરવામાં આપણી મદદ કરવા માટે આપણે પુરવઠાકારો, કોન્ટ્રાકટરો, અને સલાહકારો ઉપર આધાર રાખીએ છીએ. તેઓ વર્ટેલસની ટીમનો એક ભાગ છે અને તેમની સાથે આપણા મૂલ્યો મુજબ વ્યવહાર કરવો જોઈએ. એવા વાતાવરણનું સર્જન કરવા કે જ્યાં આપણા પુરવઠાકારો, કોન્ટ્રાકટરો, અને સલાહકારો વર્ટેલસ સાથે કામ કરવાનું પ્રોત્સાહન ધરાવે, તેઓને એવી ખાતરી હોવી જરૂરી છે કે તેમની સાથે નૈતિક રીતે વ્યવહાર કરવામાં આવશે. આપણા ધંધા માટે સ્પર્ધા કરવા માટે આપણે ભાવિ ત્રીજા પક્ષકારોને વાજબી તકો આપીએ છીએ. તમામ પસંદગીના નિર્ણયો કંપનીની જરૂરિયાતો, યોજનાની

### *માનવ અધિકારો*

આપણે મૂળભૂત અધિકારોનું સમર્થન કરવા માટે વચનબદ્ધ છીએ અને માનીએ છીએ કે આખી દુનિયામાં રહેલા તમામ મનુષ્યોની સાથે ગૌરવ, નિષ્પક્ષતા અને આદર સાથે વ્યવહાર થવો જોઈએ. આપણી કંપની માત્ર તેવા પુરવઠાકારોને જ રોકશે જે કામદારોના આરોગ્ય અને સલામતી પ્રત્યે ગંભીર વચનબદ્ધતા દર્શાવતા હોય અને માનવ અધિકારોના કાયદાઓનું પાલન કરીને કામ કરતા હોય. વર્ટેલસ બાળ મજૂરી, ગુલામ મજૂરી, વેઠીયા મજૂરી કે માનવ તસ્કરીનો ઉપયોગ કરતી નથી કે તેના ઉપયોગને માફ કરતી નથી. વર્ટેલસ વ્યક્તિઓને ઉતારી પાડતા કોઈપણ વ્યવહારને વખોડે છે અને સંઘર્ષ ખનિજોથી મુક્ત હોવા તરીકે આપણા પ્રોડક્ટસનું સમર્થન કરે છે

## સહકર્મીઓ પ્રત્યેની આપણી વચનબદ્ધતા

### *કોઈ ભેદભાવ નહીં*

એવા વૈવિધ્યપૂર્ણ કામદારો ધરાવવા કે જે એવી ટીમના સભ્યોનાં બનેલા હોય જે કૌશલ્યો, ક્ષમતાઓ, અનુભવો અને દ્રષ્ટિબિંદુઓનું વિશાળ વૈવિધ્ય લાવતા હોય - તેઓ આપણી સફળતા માટે અનિવાર્ય છે. આપણે સમાન રોજગારની તક, સમાવેશ અને આદરનાં સિદ્ધાંતો પ્રત્યે વચનબદ્ધ છીએ. તમામ રોજગારલક્ષી નિર્ણયો કંપનીની જરૂરિયાતો, કામની જરૂરિયાતો અને વ્યક્તિની લાયકાતો ઉપર આધારિત હોવા જોઈએ. આપણે કોઈપણ વ્યક્તિ – ટીમના સભ્યો, ગ્રાહકો, ધંધાકીય સાથીઓ કે અન્ય ભાગીદારો સામે વંશ, રંગ, ધર્મ, રાષ્ટ્રીય મૂળ, લિંગ (ગર્ભાવસ્થા સહીત), જાતિય અભિમુખતા, લિંગ ઓળખ, વૈવાહિક દરજ્જો, ઉંમર, શારીરિક ખોટ, ભૂતકાળની કે હાલની લશ્કરી સેવા કે કોઈપણ અન્ય સ્થિતિ કે જે જ્યાં આપણે કામ કરીએ છીએ તે સ્થાનોમાં કાયદાઓ કે નિયમનો દ્વારા રજૂ કરાયેલી હોય તેની સામેના ભેદભાવને સહન કરતા નથી. આપણે જે કાનૂની રીતે કામ કરવા માટે અધિકૃત છે તેવી દરેક વ્યક્તિને સમાન

રોજગારની તક પૂરી પાડીએ છીએ. આપણે શારીરિક ખોટ ધરાવતી વ્યક્તિઓને ઉચિત નિવાસસ્થાનો પૂરાં પાડીએ છીએ અને સફળતા આડેના કૃત્રિમ અવરોધોને દૂર કરીએ છીએ.

## *કોઈ હેરાનગતિ નહીં*

હેરાન કરનાર ભલે સાથી કામદાર, સુપરવાઈઝર, મેનેજર, ગ્રાહક, વિક્રેતા કે મુલાકાતી હોય તે ધ્યાને લીધા વિના દરેક કર્મચારી હેરાનગતિથી મુક્ત એવું કામનું વાતાવરણ ધરાવવાનો અધિકાર ધરાવે છે. હેરાનગતિમાં એવા કોઈપણ વ્યવહારનો સમાવેશ થઇ શકે છે (શાબ્દિક, દ્રશ્યમાન કે શારીરિક) જે ભય ઉત્પન્ન કરનારા, અપમાનકારી, દુર્વ્યવહારપૂર્ણ કે પ્રતિકૂળ કાર્ય પર્યાવરણનું નિર્માણ કરે તેનો સમાવેશ થઇ શકે છે. આપણે વંશ, રંગ, ધર્મ, રાષ્ટ્રીય મૂળ, લિંગ, જાતિય અભિમુખતા, લિંગ ઓળખ, ઉંમર, શારીરિક ખામી કે કાયદા દ્વારા રક્ષિત કોઇપણ અન્ય સ્થિતિ ઉપર આધારિત હેરાનગતિને સહન કરીશું નહીં. પ્રતિબંધિત હેરાનગતિમાં જાતીય ત્રાસ, કે જેને અપ્રિય જાતીય હાવભાવ, જાતિય તરફેણ માટેની વિનંતીઓ, અને જાતિય પ્રકારનાં અન્ય શાબ્દિક કે શારીરિક વર્તન તરીકે પરિભાષિત કરવામાં આવે છે. જાતિય

## *વાજબી વેતનો*

આપણી કંપની આપણા કર્મચારીઓ માટે વાજબી કામના કલાકો અને વાજબી વેતનો પૂરાં પાડવા માટે વચનબદ્ધ છે.

## *કાર્ય-સ્થાનની સલામતી અને હિંસાની અટકાયત*

આપણે કર્મચારીઓ, ગ્રાહકો અને આપણા પરિસરની મુલાકાત લેતા મુલાકાતીઓ માટે એક સલામત અને તંદુરસ્ત કાર્ય-સ્થાન પૂરું પાડવા માટે પ્રયાસ કરીએ છીએ. તમામ કર્મચારીઓ ઉચિત સલામતી અને આરોગ્યની સ્થિતિઓ સુનિશ્ચિત કરવા માટેની જવાબદારી ધરાવે છે. ઓદ્યોગિક સ્વાસ્થ્ય, એર્ગોનોમીક્સ અને સલામતી સહિત કર્મચારી સલામતી અને તંદુરસ્તીના તમામ ક્ષેત્રોમાં ઉદ્યોગના ધોરણો જાળવવા માટે વર્ટેલસ વચનબદ્ધ છે. આ વચનબદ્ધતાનું સમર્થન કરવા માટે, કર્મચારીઓ તેમના કામને જે લાગુ પડે છે તેવા તમામ સલામતી અને તંદુરસ્તીના નિયમો, કાર્યો અને કાયદાઓનું પાલન કરવા માટે અને તેમનું પોતાનું, તેમના સાથી કામદારો અને મુલાકાતીઓનું રક્ષણ કરવા માટે જરૂરી સાવધાનીઓ લેવા માટે જવાબદાર હોય છે. કર્મચારીઓ અકસ્માતો, ઈજાઓ, વ્યવસાયી બીમારીઓ અને અસલામત કાર્યો કે સ્થિતિઓની તેમના સુપરવાઈઝરને તાત્કાલિક જાણ કરવા માટે પણ જવાબદાર હોય છે. ધમકીઓ, હિંસાના કાર્યો અને શારીરિક ધમકીની સખત રીતે મનાઈ કરમાવવામાં આવે છે. કામ ઉપર અથવા વર્ટેલસના પરિસરમાં શસ્ત્રો

## *દ્રવ્યનો દુરુપયોગ*

વર્ટેલસ તમામ કર્મચારીઓને નશીલા દ્રવ્યો અને આલ્કોહોલ સહિત કોઈપણ પદાર્થ કે જે તેમને કાર્ય પ્રવૃત્તિઓ સલામત રીતે અને અસરકારક રીતે કરતા અટકાવે છે તેવા કોઈપણ પદાર્થના પ્રભાવથી મુક્ત રહીને કામ કરવાનું આવશ્યક બનાવે છે. જો એવી વાજબી શંકા હોય કે તે કે તેણી નશીલા પદાર્થો કે

Vertellus™

Smart Chemistry. Our Specialty.™

આલ્કોહોલના પ્રભાવ હેઠળ છે તો આપણી કંપની કોઈપણ કર્મચારીનું પરીક્ષણ કરાવવાનો અધિકાર આરક્ષિત રાખે છે. જો તમે પ્રિસ્ક્રીપ્શન અથવા નોન-પ્રિસ્ક્રીપ્શન દવાઓ લેતા હો કે જે સજાગતા કે નિર્ણય શક્તિને નુકશાન પહોંચાડે તેમ હોય અથવા એક કર્મચારીને અસામાન્ય જુઓ અને તેથી સંભવિત રીતે અન્યોની સલામતીને અથવા કંપનીના ધંધાકીય હિતોને જોખમમાં મૂકતા હોય તો, તમારે તેની તાત્કાલિક રીતે જાણ કરવી જોઈએ. જો તમે આલ્કોહોલ કે નશીલા દ્રવ્યો અંગેની સમસ્યા ધરાવતા હો, તો તમને

### *કર્મચારીની ગુપ્તતા*

વર્ટેલસ કર્મચારીઓની વ્યક્તિગત માહિતીની ગુપ્તતાનો આદર કરે છે. આમાં કર્મચારીના તબીબી અને કર્મચારી વર્ગના રેકોર્ડસનો સમાવેશ થાય છે. વ્યક્તિગત માહિતીના ઉપયોગને ત્યારે જ અધિકૃત કરવામાં આવે છે જ્યારે વાજબી અને કાયદેસરનું કારણ હોય, અને ઉપયોગ માત્ર યોગ્ય કર્મચારી વર્ગને જ મંજૂર કરવામાં આવે છે. કોઈપણ સંજોગો હેઠળ આપણી કંપની બહારની કોઈપણ વ્યક્તિ પાસેથી ગુપ્ત કર્મચારી માહિતી માટેની વિનંતીઓ આપણી પોલીસી સાથે સુસંગતતામાં માન્ય કરાયેલી હોવી જરૂરી છે. તે જો કે, એ યાદ રાખવું જરૂરી છે કે કર્મચારીઓ પાસે સામાન્ય રીતના કાર્યસ્થળના સંદેશા કે વર્ટેલસના પરિસરો ઉપર કે વર્ટેલસનાં ધંધા માટે ઉપયોગમાં લેવાની ખરીદવામાં આવેલી વ્યક્તિગત મિલકતની બાબતમાં

## પ્રામાણીકતા સાથે કાર્ય કરવાની અને આપણી કંપનીનું રક્ષણ કરવાની આપણી વચનબદ્ધતા

### *માલિક સંબંધિત અને ખાનગી માહિતી*

આપણી કંપનીનાં ધંધા સાથે સંબંધિત તમામ માહિતી તેને અધિકૃત જાહેર દસ્તાવેજોમાં બહાર પાડવામાં આવેલ હોય તે સિવાય માલિક સંબંધિત અને ખાનગી ગણવી જોઈએ. તમારે ખાનગી અને માલિક સંબંધિત માહિતીનું રક્ષણ કરવા માટે પગલાઓ લેવા જરૂરી છે.તમારે તેની અન્યો સાથે અથવા જ્યારે જાહેર વિસ્તારોમાં હો ત્યારે ચર્ચા કરવી જોઈએ નહીં. વર્ટેલસની ખાનગી માહિતી કે દસ્તાવેજોની અંગત ફાયદા માટે નકલ કરવી એ અન્ય રીતે પ્રસાર કરવો ક્યારેય ઉચિત નથી. આવી તમામ માહિતી અને દસ્તાવેજો વ્યવસાયિક "જાણવાની જરૂરિયાત" નાં સિદ્ધાંત મુજબ નિયંત્રિત કરવી જોઈએ. ઉપરાંતમાં, આવી માહિતીને ખાનગી રાખવાની તમારી જવાબદારી વર્ટેલસ સાથેની તમારી નોકરી પૂર્ણ થયા પછી ચાલુ રહે છે.

### *બૌદ્ધિક સંપત્તિ અને IPનું રક્ષણ કરવું*

આપણી બૌદ્ધિક સંપત્તિ એ આપણી સૌથી વધુ મૂલ્યવાન મિલકતોમાંથી એક છે. બૌદ્ધિક સંપત્તિ માનવ મગજની રચનાઓનું સૂચન કરે છે કે જે વિવિધ રાષ્ટ્રીય કાયદાઓ અને આંતરરાષ્ટ્રીય સંધિઓ દ્વારા રક્ષિત છે. બૌદ્ધિક સંપત્તિમાં કોપીરાઈટસ, પેટન્ટો, ટ્રેડમાર્કસ, વ્યાપારી રહસ્યો, ડીઝાઇનના હક્કો, લોગોસ, વિશેષ જ્ઞાન, અને અન્ય અમૂર્ત ઓદ્યોગિક કે ધંધાદારી મિલકતનો સમાવેશ થાય છે. આપણે આપણી બૌદ્ધિક સંપત્તિના હક્કોનું રક્ષણ કરવું અને જ્યારે ઉચિત હોય ત્યારે તેનો અમલ કરવો જરૂરી છે. આપણે ત્રીજા પક્ષકારોની માલિકીની બૌદ્ધિક સંપત્તિનો પણ આદર કરીએ છીએ. જાણીજોઇને અન્યોના બૌદ્ધિક

### *બાહ્ય પક્ષકારો સાથે વાતચીત કરવી*

વર્ટેલસનાં કર્મચારીઓ આપણા CEO દ્વારા અધિકૃત કરાયેલ હોય તે સિવાય મીડિયા, રોકાણકારો અને વિશ્લેષકો સાથે આપણી કંપની વતી વાત કરવા માટે અધિકૃત નથી. અધિકૃત કરવામાં આવ્યા હોય તે સિવાય, જે જાહેર બની શકે તેમ હોય તેવા કોઈપણ સંદેશાવ્યવહારમાં એવી અભિવ્યક્તિ આપશો નહીં કે તમે કોઈપણ વાતચીત કે સંદેશામાં વર્ટેલસ વતી બોલી રહ્યા છો. આમાં ઓનલાઈન ફોરમો, સોશ્યલ મીડિયાની સાઈટો, બ્લોગ્સ, ચેટ રૂમ્સ, અને બુલેટીન બોર્ડસ ઉપરની પોસ્ટોનો સમાવેશ થાય છે. આ નીતિ આપણા ધંધા તેમજ તંત્રીઓને લખાતા પત્રો અને પ્રોડકટસ કે સેવાઓનાં સમર્થન સાથે જે સંબંધ ધરાવે છે [illegible] સમક્ષના ટીકા ટિપ્પણીઓને પણ લાગુ પડે છે.

## *ઈલેક્ટ્રોનિક મિડીયાનો યોગ્ય ઉપયોગ*

વર્ટેલસ ઈ-મેઈલ, કમ્પ્યૂટરો, કમ્પ્યૂટર એપ્લીકેશનો, નેટવર્ક્સ, ઈન્ટરનેટ, ઇન્ટ્રાનેટ, ફેસીમાઈલ મશીન, મોબાઈલ ફોન્સ, પેજરો, બીજા વાયરલેસ સંદેશાના સાધનો, ટેલિફોનો અને વોઈસ મેઈલની સિસ્ટમો જેવા તમારા કામને કરવામાં આપણી કાર્યક્ષમતાને મહત્તમ બનાવવા માટેનો હેતુ ધરાવતા માહિતી અને ટેકનોલોજીના સંશાધનોની સુવ્યવસ્થિત ગોઠવણી પૂરી પાડે છે. એ યાદ રાખવા વિનંતી કે આ સાધનો એ કંપનીની સંપત્તિ છે અને તેમનો તે રીતે ઉપયોગ કરવો જરૂરી છે જે વર્ટેલસ ઉપર અને એવી તમામ વ્યક્તિઓ કે જેઓ અહીં કામ કરે છે તેમના ઉપર હકારાત્મક રીતનો પડઘો પાડે. આ સંશાધનોના પ્રાસંગિક સીમિત ઉપયોગની અનુમતિ આપવામાં આવે છે પરંતુ તે તમારા કામના દેખાવમાં કે તમારા સહકર્મચારીની [illegible]

સોશિયલ મીડિયા એ બજારમાં પ્રગતિશીલ મહત્વ ધરાવે છે. તે આપણી કંપનીમાંથી શીખવા માટે અને આપણા ભાગીદારો સાથે માહિતી વહેંચવા માટે તેમજ આપણી કંપની વિશે જનતા સાથે વાતચીત કરવા માટે આપણને સક્ષમ બનાવે છે. કંપનીની તમામ નીતિઓનું પાલન કરવા ઉપરાંત, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા સમયે યાદ રાખવાનો એક સર્વ સામાન્ય નિયમ તમે જે નિવેદનો કરો છો તેની અસરો અંગે વિચારવાનો છે. એ મગજમાં રાખો કે આ પ્રસારણો કાયમી છે અને સરળતાથી સ્થાનાંતર કરી શકાય તેવા છે અને આપણી કંપનીની પ્રતિષ્ઠાને અને સાથી કામદારો અને ગ્રાહકો સાથેના સંબંધને પ્રભાવિત કરી શકે છે. જ્યારે બ્લોગ્સ, ફેસબુક, ટવીટર, કે લિન્કડઈન જેવા સોસીયલ મિડીયાના સાધનોનો ઉપયોગ કરીએ છીએ ત્યારે એ વાત સુનિશ્ચિત કરો કે યોગ્ય અધિકાર વિના તમે વર્ટેલસ વતી ટીકા ટિપ્પણ કરતા નથી. વળી, તમારે આપણા ધંધા, આપણા પુરવઠાકારો કે આપણા ગ્રાહકો અંગેની આપણી કંપનીની ખાનગી કે માલિક સંબંધિત માહિતી જાહેર કરવી ના જોઈએ.

## *ભેટો અને મનોરંજન*

શિષ્ટ ભેટો, તરફેણો અને મનોરંજનનો મોટે ભાગે ધંધાકીય સંબંધોને મજબૂત બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે. જો કે, એવી કોઈપણ ભેટ, તરફેણ કે મનોરંજનનો સ્વીકાર કરવો જોઈએ નહીં કે આપવી જોઈએ નહીં જો તે બંધનકર્તા હોય અથવા પ્રાપ્તકર્તાને બંધનમાં મૂકવાનું જણાય અથવા જો તે ન્યાયિક [illegible]

## *હિતના સંઘર્ષોને ટાળવા*

આપણે અંગત હિતો કે ફાયદાના પ્રભાવ વિના વર્ટેલસનાં શ્રેષ્ઠ હિતોમાં નક્કર ધંધાકીય નિર્ણયો કરવા માટેની એક જવાબદારી ધરાવીએ છીએ. આપણી કંપની કોઈપણ સંઘર્ષ અથવા તમારા અંગત હિતો અને આપણી કંપનીના હિતો વચ્ચે સંઘર્ષના ઉદ્દભવને પણ ટાળવા માટેનું તમારા માટે આવશ્યક બનાવે છે. ઘર્ષણ ત્યારે મોજુદ હોય છે જ્યારે તમારા હિતો, ફરજો, જવાબદારીઓ કે પ્રવૃત્તિઓ અથવા પરિવારના એક સભ્યનાં હિતો વર્ટેલસનાં હિતો સાથે સંઘર્ષમાં કે અસંગત હોય અથવા હોઈ શકે. હિતના સંઘર્ષો આપણા અંગત નિર્ણય અને આપણી કંપનીના નિર્ણયને વધતી ચકાસણી અને ટીકાને પાત્ર બનાવે છે અને આપણી વિશ્વસનીયતા અને ભરોસો જેઅન્ય લોકો આપણામાં મૂકે છે તેને ઓછા કરી શકે છે. કોઈપણ ધંધાકીય કે વ્યક્તિગત હિતના સંઘર્ષ ઊભા થાય, અથવા ઊભા થવાનું દેખાય તો પણ, તમારે તુરંત જ તેને સમીક્ષા માટે નેતાગીરી સમક્ષ જાહેર કરવા જોઈએ. અમુક કિસ્સાઓમાં, જાહેરાત પુરતી ના હોય તેવું બની શકે અને આપણે વર્તનને રોકવાની જરૂર પડી શકે છે અથવા તે લેવાયેલ પગલાઓને જ્યાં શક્ય હોય ત્યાં ઊલટાવવા જોઈએ. દરેક સંભવિત ઘર્ષણનું વર્ણન કરવું અશક્ય હોવાથી, આપણે તમારા નક્કર નિર્ણય, જ્યાં ઉચિત લાગે ત્યાં સલાહ મેળવવાના પ્રયાસ કરવા ઉપર અને પ્રામાણિકતાના સૌથી ઊચા ધોરણોનું પાલન કરવા ઉપર આધાર રાખીએ છીએ.

## *વ્યાપાર નિયમ પાલન (નિકાસ/આયાત નિયંત્રણ)*

આપણે અમેરિકાના આયાત નિકાસના કાયદાઓ અને નિયમનો તેમજ આપેલ વ્યવહારને લાગુ કોઈપણ અન્ય ન્યાય અધિકાર ક્ષેત્રના કાયદાઓ અને નિયમનોનું પાલન કરીએ છીએ. આ કાયદાઓ અમુક નિર્દિષ્ટ કરાયેલા દેશો તેમજ વ્યક્તિઓને ટ્રાન્સફરો, નિકાસો અને પ્રોડક્ટસ કે ટેકનીકલ ડેટાનાં વેંચાણને તેમજ આવી અમુક વસ્તુઓની એક સ્થાનથી બીજા સ્થાન સુધીની પુન:નિકાસને પ્રતિબંધિત કરે છે. જો તમે સામાન અને ડેટાની આયાત કરવામાં અને નિકાસ કરવામાં રોકાયેલા હો તો, તમે આ કાયદાઓ જાણવા

## *ચોક્કસ નાણાંકીય રેકોર્ડસ / આંતરિક હિસાબી નિયંત્રણો જાળવવા*

ચોકસાઈભર્યા અને આધારભૂત રેકોર્ડસ આપણા ધંધા માટે મહત્વના છે. કાનૂની અને નૈતિક ધંધાકીય પરંપરાઓ સુનિશ્ચિત કરવા માટે અને છેતરપીંડીયુક્ત પ્રવૃત્તિઓ અટકાવવા માટે આપણે કંપનીનાં રેકોર્ડસ અને હિસાબો સચોટ રાખવા માટે વચનબદ્ધ છીએ. એ વાતને સુનિશ્ચિતકરવામાં મદદ કરવા માટે અમે જવાબદાર છીએ કેઆપણે જે માહિતી નોંધીએ છીએ, પ્રક્રિયા કરીએ છીએ અને વિશ્લેષણ કરીએ છીએ તે સચોટ છે અને લાગુ પડતા કાનૂની કે હિસાબી સિદ્ધાંતો સાથે સુસંગતતામાં નોંધવામાં આવે છે. આપણે એ પણ સુનિશ્ચિત કરવાની જરૂર પડે છે કે તે રેકોર્ડસ સુરક્ષિત રાખેલ છે અને સમયસર ધોરણે જે લોકોને માહિતી જાણવાની જરૂર હોય તેમના માટે સહેલાઈથી ઉપલબ્ધ રાખેલ છે. કંપનીનાં રેકોર્ડસમાં વેંચાણની માહિતી, પે રોલ, ટાઈમ કાર્ડસ, મુસાફરી અને ખર્ચના અહેવાલો, ઈ-મેઈલો, હિસાબી અને નાણાંકીય માહિતીઓ, માપન અને કામગીરીના રેકોર્ડસ, વિશ્લેષણનાં પ્રમાણપત્રો, ઈલેક્ટ્રોનિક ડેટા ફાઈલો, અને આપણા ધંધાનાં સામાન્ય વ્યવહારમાં જાળવવામાં આવતા તમામ અન્ય રેકોર્ડસ. કંપનીનાં તમામ રેકોર્ડસ બધા મહત્વપૂર્ણ પાસાઓમાં પૂર્ણ, સચોટ, અને વિશ્વસનીય હોવા જરૂરી છે. ખોટી કે ગેરમાર્ગે દોરતી નોંધો

કરવા માટેનું ક્યારેય કારણ હોતું નથી. અઘોષિત કે નોંધ્યા વિનાના ફંડસ, ચૂકવણીઓ કે પાવતીઓ આપણા વ્યવસાયની પરંપરાઓ સાથે અસંગત છે અને તેની મનાઈ કરવામાં આવે છે.

આપણી કંપનીનાં એક કર્મચારી તરીકે એ પણ તમારી જવાબદારી છે કે આપણી કંપનીનાં નાણાંકીય હિસાબોના કોઈપણ ઓડીટ કે સમીક્ષાના સંબંધમાં બહારના હિસાબનીશ સમક્ષ નિખાલસ અને સંપૂર્ણ જાહેરાત કરવી અને તેમને સંપૂર્ણ રીતે સહકાર આપવો. જો તમારી પાસે એવું માનવા માટે કારણ હોય કે આપણી કંપનીનાં ચોપડાઓ અને દસ્તાવેજો પૈકીની કોઈપણ બાબત આવશ્યકપણે અચોક્કસ કે અપૂર્ણ રીતે જાળવવામાં આવે છે તો, તમારે આ બાબતની જાણ તુરંત જ તમારા મેનેજર, મુખ્ય નાણાંકીય અધિકારી

### *નિયમનકારો સાથે સંબંધ*

અતિશય નિયમબદ્ધ કરાયેલ પર્યાવરણ હોય કે જેમાં આપણે કામ કરીએ છીએ ત્યારે, આપણે મહત્વના કાયદાઓ અને નિયમનોનું પાલન કરવા માટે આપણી જવાબદારીઓને પૂર્ણ કરવા માટે સજાગ રહેવું જરૂરી છે. ઉચિત અને સમયસરની રીતે માહિતી માટેની નિયમનકારોની વિનંતીઓનો જવાબ આપવા સહીત, આપણા નિયમનકારો સાથે આપણા કર્મચારીઓના સંપૂર્ણ સહકારની આપણે અપેક્ષા રાખીએ છીએ. જો આપણે કોઇપણ નિયમનકારી કે કાનૂની ચિંતાઓથી માહિતગાર બનીએ તો, આપણે તેમને આપણા સુપરવાઈઝર, મેનેજર કે કાનૂની વિભાગના ધ્યાન ઉપર લાવવી જરૂરી છે. નિયમનકારી નીતિ,

### *રાજકીય પ્રવૃત્તિઓ અને યોગદાનો*

આપણે આપણા કર્મચારીઓ, અધિકારીઓ, અને ડાયરેકટરોને સમુદાયને યોગદાન આપવા માટે અને સંપૂર્ણ રીતે સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકીય પ્રક્રિયાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. એક ખાનગી નાગરિક તરીકે, તમે તમારી પસંદગીના કારણો, ઉમેદવારો કે રાજકીય પક્ષકારોને યોગદાનો કે ફાળો આપવા માટે મુક્ત છો. જો તમે એક જાહેર ફોરમ (જેવા કે સમાચારપત્રને એક પત્ર) માં વ્યક્તિગત વિચાર રજૂ કરો તો, વર્ટેલસનાં લેટરહેડ, કંપનીનાં ઈ-મેઈલ, કે તમારા ધંધાકીય સરનામા કે શીર્ષકનો સંદર્ભ તરીકે ઉપયોગ કરશો નહીં. આપણી કંપની રાજકીય યોગદાનો સહીત, રાજકીય બાબતોમાં તેની સહભાગીતાનું નિયમન કરતા તમામ મહત્વના કાયદાઓનું પાલન કરશે.

## આપણા સમુદાયો પ્રત્યેની આપણી વચનબદ્ધતા

### *ધર્માદામાં યોગદાન*

આપણે સમગ્ર વિશ્વમાં સામુદાયિક વિકાસને મદદ કરીએ છીએ. વર્ટેલસનાં કર્મચારીઓ આ પ્રયાસોમાં યોગદાન આપી શકે છે, અથવા તેમની પોતાની પસંદગીની સંસ્થાઓમાં યોગદાન આપવા માટેની પસંદગી કરી શકે છે. જો કે, રાજકીય પ્રવૃત્તિઓની માફક, આપણી કંપની દ્વારા ખાસ રીતે મંજૂર અથવા સમર્થન નહીં

કરાયેલ ધર્માદા અથવા બિન નફાકીય સંસ્થાઓને વ્યક્તિગત રીતે મદદ કરવા માટે તમે કંપનીનાં સંશાધનોનો ઉપયોગ કરી શકતા નથી.

## *પર્યાવરણીય સંરક્ષકપણું*

આપણે પર્યાવરણની રીતે જવાબદાર રીતે વ્યવસાય કરવા માટે વચનબદ્ધ છીએ અનેઆપણા કર્મચારીઓ, ગ્રાહકો, સમુદાયો, શેરધારકો, અને પર્યાવરણને લાભ થાય તે રીતે આપણી કામગીરી સુધારવા માટેનો પ્રયાસ કરીએ છીએ. આપણે ઉર્જાનો વિવેકપૂર્ણ અને કાર્યક્ષમ રીતે ઉપયોગ કરીએ છીએ અને પર્યાવરણ ઉપરની અસરના જોખમને ઘટાડવા માટે ટેકનોલોજીને કામે લગાડીએ છીએ. કર્મચારીઓ કે જેમનું કામ પર્યાવરણીય નિયમ પાલનને પ્રભાવિત કરે છે તેમણે મંજૂરીઓ, કાયદાઓ, અને નિયમનો કે જે તેમના કાર્યને લાગુ પડે છે તેમનાથી પરિચિત થવું જરૂરી છે. બધા કર્મચારીઓ એ સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે કે વર્ટેલસનો ધંધો તમામ લાગુ પડતા કાયદાઓનું પાલન થાય તે રીતે અને પર્યાવરણનું રક્ષણ થાય તે રીતે

## *સામાજિક જવાબદારી અને સ્થિરતા*

એવી એક કંપની હોવા તરીકે આપણે આપણી જાત ઉપર ગર્વ લઇ શકીએ છીએ કે જે કંપની પ્રામાણિકતા સાથે કામ કરે છે, સારી પસંદગીઓ કરે છે, અને આપણા વ્યવસાયના દરેક પાસામાં યોગ્ય બાબત કરે છે. એક જવાબદાર કંપની હોવાનો આપણા માટે શું અર્થ છે તે પરિભાષિત કરવા માટે આપણે આપણી જાત સમક્ષ સતત પડકાર રાખીશું અને આપણી વ્યાખ્યાને વર્ટેલસમાં આચરણ અને સુધારાઓમાં રૂપાંતરિત કરવા માટે કામ કરીશું. આપણે આપણા સામાજિક અને પર્યાવરણીય પ્રયાસોને આપણા ધંધાકીય ધ્યેયો સાથે એક હારમાં ગોઠવવા પ્રયાસ કરીએ છીએ અને આપણી પ્રગતિનું માપન કરવા માટે ગુણાત્મક અને જથ્થાત્મક એમ બંને માપદંડો વિકસાવવાનું ચાલુ રાખવા માટે પ્રયાસ કરીએ છીએ.

****** પ્રશ્નો રજૂ કરો અથવા ચિંતાઓની જાણ કરો ******

વર્ટેલસ ઈંટેગ્રીટી હોટલાઈન